# સિવિલ કેમ્પસમાં મહિલા સાથે અમાનવિય વ્યવહાર કરનાર ડોકટરને સસ્પેન્ડ કરાયા

### ડોક્ટર મહિલાને ઘસડતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો, ડોક્ટરનું પણ નિવેદન લેવાયુ હતું, કમિટીના રીપોર્ટ બાદ સોસાયટી દ્વારા તાત્કાલીક નિર્ણય લેવાયો,

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં અઠવાડીયા પહેલા એક ડોકટર અને પાથરણુ પાથરીને વિવિધ ચીજવસ્તુનું વેચાણ કરતી મહિલા સાથે માથાકુટ થઈ હતી. આ સમગ્ર ઘટનાનો વિડીયો વાયરલ થતા ચકચાર મચી જવા પામી છે. આ વિડીયોમાં ડોકટર મહિલાને ઘસડતા હોય તેમ સ્પષ્ટ જોવા મળી રહ્યું છે. ત્યારે સમગ્ર શહેર અને સિવિલ તંત્રમાં પણ આ બનાવને પગલે ખળભળાટ મચી ગઈ છે. ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીના વડા દ્વારા આ ઘટનાની ગંભીર નોંધ લેવામાં આવી છે. જયારે હોસ્પિટલના અહેવાલના પગલે આર્થોપેડીક વિભાગના એચઓડી ડો. વીકી પરીખને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

સમગ્ર રાજયમાં મહિલા સશકિતકરણની જોરશોરથી સુફીયાણી વાતો કરવામાં આવે છે. તે સચિવાલય થી માંડ બો કિલોમીટરના અંતરે આવેલા સિવિલ કેમ્પસમાં મહિલાની ગરીમાને કચડતી ઘટના પ્રકાશમાં આવી છે. ગાંધીનગર સિવિલ કેમ્પસના ગેટ પાસે અઠવાડીયા પહેલા પાથરણુ પાથરીને નાની મોટી ચીજવસ્તુઓનું વેચાણ કરીને પેટીયુ રળતી મહિલા સાથે ડોકટરને બોલાચાલી થઈ હતી. ત્યારબાદ વધુ હોહા થતા ડોકટરના હાથમાં રહેલી બેગ આ મહિલાએ પકડી પાડી હતી. ત્યારે ડોકટરે મહિલાના હાથમાંથી બેગ છોડાવવા માટે પ્રયત્નો કર્યા હતા. જેને પગલે મહિલા નીચે પટકાયા હતા તેમ છતા બેગ ન છોડતા મહિલા ઢસડાયા હતા અને ઈજા પહોંચી હતી. આ સમગ્ર ઘટનાનો વિડીયો સ્થાનિક નાગરીકે ઉતાર્યો હતો. આ વિડીયો વાયરલ થતા ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિ લાખાણીને તપાસ કરવા માટે હુકમ કર્યો હતો.

જેથી ગાંધીનગર સિવિલના ડોકટરોની ખાસ કમિટી બનાવાઈ હતી. કમિટી દ્વારા ઓર્થોપેડીક વિભાગના એચઓડી ડો. વીકી પરીખનું પણ નિવેદન લેવામાં આવ્યું હતું. વિડીયોની પણ ચકાસણી કરીને કમિટી દ્વારા તપાસનો અહેવાલ જીએમઈઆરએસ સોસાયટીના વડાને સોંપી દેવાયો હતો. જેમાં ડોકટર કસુરવાર જણાતા સોસાયટી દ્વારા ઓર્થોપેડીક વિભાગના એચઓડી કરાર આધારીત ડો. વિકી પરીખને તાત્કાલીક છુટા કરી દેવામાં આવતા જ ડોકટર આલમમાં પણ સોંપો પડી ગયો હતો. જયારે ડોકટર મહિલાના વાળ પકડીને ઢસડતા હોવાનો વિડીયો વાયરલ થતા જ દિવસ દરમિયાન સમગ્ર સિવિલ કેમ્પસ તેમજ શહેરમાં ચર્ચાનો વિષય બન્યા હતા.






### મહિલાને ન્યાય મળે તે માટે રોશનબેન પરમાર દ્વારા મુખ્યમંત્રીને રજુઆત

સિવિલ કેમ્પસમાં મહિલાને ડોકટર દ્વારા ઢસડતા હોવાનો વિડીયો વાયરલ થયો હતો. જેથી મહિલા સાથે અમાનવિય વ્યવહાર કરનાર ડોકટર સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને મહિલાને ન્યાય મળે તે માટે રોશનબેન પરમાર દ્વારા રાજયના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરાઈ છે.

# રાજયના મુખ્ય સચિવ પદે પંકજકુમાર નિમાયા

### નિવૃત્ત થતાં અનિલ મુકીમ પીએમઓમાં મહત્વના હોદ્દા પર નિમાશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત સરકારે ૧૯૮૬ની બેચના આઈએએસ ઓફિસર પંકજ કુમારની ગુજરાતના નવા ચીફ સેક્રેટરી નિમણુંક કરી છે.

તેઓ અનિલ મુકીમની જગ્યાએ ચીફ સેક્રેટરી તરીકે ૩૧ ઓગસ્ટથી ચાર્જ સંભાળશે.અનિલ મુકીમની ચીફ સેક્રેટરી તરીકેની ટર્મ આ મહિનાના અંતમાં પૂરી થઈ રહી છે. પંકજ કુમાર હાલમાં ગુજરાત સરકારના એડિશનલ ચીફ સેક્રટરી છે.૬ મે, ૧૯૬૨ના રોજ જન્મેલા પંકજ કુમારની ૨૫ ઓગસ્ટ, ૧૯૮૬ના રોજ આઈએએસ તરીકે વરણી થઈ હતી.તેમણે યુપીએસસીની પરીક્ષા પાસ કરવાની સાથે આઈઆઈટી કાનપુરમાંથી સિવિલ એન્જિનિયરિંગ વિષયમાં બીટેકની ડિગ્રી પણ મેળવેલી છે.આ ઉપરાંત તેમણે પબ્લિક પોલિસી અને મેનેજમેન્ટ વિષય સાથે એમબીએનો પણ અભ્યાસ કરેલો છે.

મૂળે પટણાના પંકજ કુમારની ગુજરાત સરકારે ૧૫ જુન, ૨૦૧૭ના રોજ એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે નિમણૂંક કરી હતી.વિદાય લઈ રહેલા ચીફ સેક્રેટરી અનિલ મુકીમ બાદ તેઓ ગુજરાત બેચના આઈએએસ ઓફિસરોમાં સૌથી વરિષ્ઠ અધિકારી છે.

ગુજરાત કેડરના બીજા વરિષ્ઠ અધિકારીઓ સ્વ.ગુરુપ્રસાદ મહાપાત્ર, વિપુલ મિત્રા અને રાજીવ




કુમ્રા ગુપ્તા તેમના બેચમેટ હતા. પંકજ કુમાર આઈએએસ તરીકે ૩૧ મે,૨૦૨૨ના રોજ નિવૃત્ત થવાના છે.

# રાજયમાં અનાવૃષ્ટિ ગમે ત્યારે જાહેર કરવાના સંકેત

### વરસાદ ખેંચાતાં સરકારની ચિંતા વધી : પ્રવર્તમાન સ્થિતિને જોતાં સરકારે રાહત કાર્યોનો સર્વે કરવા જિલ્લા કલેકટરોને સૂચના આપી : જળાશયો ખાલીખમ

ગાંધીનગર,તા.૨૭

વરસાદ ખેંચાતા હવે ગુજરાતમાં દુષ્કાળના ડાકલા વાગી રહ્યા છે. પાક સૂકાઈ રહ્યા છે અને ખેડૂતોની હિંમત તૂટી રહી છે. ત્યારે પહેલી સપ્ટેમ્બરથી રાજ્ય સરકાર અનાવૃષ્ટિ અંગે નિર્ણય કરવા એકશન મોડમાં આવી છે. વર્તમાન સ્થિતિને જોતા સરકારે રાહત કાર્યોનો સર્વે કરવા જિલ્લા કલેક્ટરને સૂચના આપી છે. હાલ રાજ્યના મોટા ભાગના જળાશયોના તળિયા દેખાવા લાગ્યા છે. ત્યારે રાજયના ૬૦ જેટલા ડેમમાં પીવાનુ પાણી આરક્ષિત રાખવામાં આવશે. તો દુષ્કાળગ્રસ્ત જિલ્લાઓમાં મનરેગાનાં કામો હેઠળ રોજગારી આપવાનું આયોજન થઈ શકે છે. હાલ નર્મદા ડેમમાં પણ ૪૫.૪૦ ટકા પાણીનો જથ્થો છે. નર્મદા ડેમમાં ઓછું પાણી હોવાથી સિંચાઈના પાણીમાં વધુ કાપ આવે તેવી શક્યતા છે. ચોમાસાની શરૂઆતમાં સામાન્ય વરસાદ નોંધાતા ખેડૂતોએ ઉત્સાહભેર વાવણી કરી હતી. પરંતુ મેઘરાજા રિસાતા હાલ પાક નિષ્ફળ જવાના આરે છે. તો કેટલાક જિલ્લાઓમાં તો વાવણી પણ હજુ સુધી થઈ શકી નથી. ત્યારે ખેડૂતોની આર્થિક રીતે કમર તૂટી ગઈ છે. ત્યારે ખેડૂતો પણ માગ કરી રહ્યા છે કે વહેલી તકે સરકાર દુષ્કાળગ્રસ્ત જાહેર કરી રાહત આપી. વરસાદ ખેંચાતા ખેડૂતોની હિંમત તૂટીને ચકનાચૂર થઈ ગઈ છે. ખેડૂત હતાશ થયો છે. અનેક ખેડૂતો પાયમાલીમાં આવી ગયા છે. ત્યારે આવામાં ખેડૂતો આત્મહત્યાના માર્ગે જાય તેવી ચિંતા સતાવી રહી છે. તેથી પહેલી સપ્ટેમ્બરથી રાજયમાં અનાવૃષ્ટિ જાહેર કરવા મામલે નિર્ણય લઈ શકાય છે. રાજ્યમાં વરસાદની ઘટને જોતા રાજ્ય સરકારે જિલ્લા સ્તરે સર્વેની આપી સૂચના આપી છે. ગઈકાલે મુખ્યમંત્રીએ આરસી ફળદુ, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને કુંવરજી બાવળિયાને આ સ્થિતિનુ નિરીક્ષણ કરવા સૂચના આપી છે. તો બીજી તરફ, રાજ્યમાં હજુ પણ સારા વરસાદની કોઈ આશા નથી. આગામી ૪ દિવસ પણ વરસાદની કોઈ શકયતા દેખાતી નથી.

● અનુસંધાન પાન-૭ પર

# નવા ભેળવેલા વિસ્તારોમાં ૧લી સપ્ટેમ્બરથી મિલ્કતોનો સર્વે હાથ ધરાશે

### કોટેશ્વરથી સર્વેનો આરંભ થશે : 3 માસ સુધી કામગીરી ચાલશે : તબક્કાવાર બધા નવા વિસ્તારોને આવરી લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં ભેળવવામાં આવેલ નવા વિસ્તારોમાં ૧-૯-૨૦૨૧ થી મિલ્કતોના સર્વેની કામગીરી કોટેશ્વર ગામેથી આરંભાશે.

ગાંધીનગર મનપાની હદમાં ૧૮ ગામ અને પેથાપુર નગરપાલિકા વિસ્તારની સમગ્ર વિલ્કતોનું જીપીએમસી એક્ટ ૧૯૪૯માં થયેલ જોગવાઈ મુજબ કાર્પેટ એરિયા બેઝ આ સર્વે કરવામાં આવશે.

મનપાની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ આ નવા વિસ્તારોમાં તબક્કાવાર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે જે ૩ મહિનાની અંદર સંપન્ન કરવામાં આવશે.

મનપાની યાદીમાં જણાવાયા મુજબ સમગ્ર મિલ્કતોનો કાર્પેટ એરિયા આધારિત સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ આગામી નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩માં નવિન સમાવિષ્ટ વિસ્તારોમાં કાર્પેટ એરિયા આધારિત વેરા વસુલવામાં આવશે.

દરમ્યાન મનપાએ આજે અન્ય એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે આ સર્વેની કામગીરી શરૂ થશે પરંતુ જે મિલ્કત ધારકોનો વેરો બાકી હોય તે સત્વરે તેની ભરપાઈ કરે અન્યથા વેરા ઉપર મનપા દ્વારા ૧૮ ટકા વ્યાજની જોગવાઈ છે જેથી આગામી સમયમાં વ્યાજ સાથે વેરો ભરપાઈ કરવાનો રહેશે.

મનપા દ્વારા નવા ભેળવાયેલા વિસ્તારોમાં મિલ્કત વેરાના જૂની આકારણી પ્રમાણેના બિલોનું વિતરણ મંગળવારથી શરૂ થઈ જશે. નવા ભેળવાયેલા વિસ્તારોમાં મિલ્કત વેરાનું માંગણુ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટીના ડે. કલેક્ટરની ખાલી જગ્યા ભરાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં નાયબ સ્ટેમ્પ ડ્યુટી કલેક્ટર તરીકે ચેતન મિસણની નિમણુંક કરવામાં આવી છે.

રાજ્યના મહેસુલ વિભાગ દ્વારા આજે પાંચ નાયબ કલેક્ટરોની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં નાયબ સ્ટેમ્પ ડ્યુટી કલેક્ટરની જગ્યા થોડા સમય અગાઉ ખાલી પડી હતી. ગાંધીનગર મનપાની ચૂંટણીમાં સ્ટેમ્પ ડ્યુટીના નાયબ કલેક્ટર ચૂંટણી અધિકારી છે અને હવે ચૂંટણી જાહેર થશે તેવા સંકેતો વચ્ચે આ ખાલી જગ્યા ભરાઈ છે.

મિસણ સુરેન્દ્રનગર જિલ્લામાં પુરવઠા અધિકારી તરીકે ફરજ બજાવતા હતા. તેઓ આગામી સપ્તાહમાં તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે તેમ મનાઈ રહ્યુ છે.



ગોગાબાપાના દર્શને ભાવિકો ઉમટ્યા - નાગપાંચમના પાવન પર્વે ગાંધીનગર જિલ્લાના ધર્મતીર્થ સમા ઉનાવા ખાતે ગોગાબાપાના મંદિરે ભાવિકો વહેલી સવારથી ઉમટ્યા હતા... ગાંધીનગર જિલ્લા ઉપરાંત ઉત્તર ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાંથી સેંકડો ભાવિકો પોતપોતાના વાહનો લઈ ગોગાબાપાના મંદિરે દર્શને આવ્યા હતા... સમગ્ર વાતાવરણ મેળાના માહોલ જેવું સર્જાયું હતું...

## રાજયમાં કોરોનાના નવા ૧૩ કેસ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં કોરોના તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યો છે. રાજયમાં કોરોનાના કેસ સતત ઘટી રહ્યા છે. કોરોનાના નવા ૧૩ કેસ નોંધાયા છે. તો ૧૪ દર્દી સાજા થયા છે. અત્યાર સુધી ૮,૧૫,૧૪૦ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. રાજયમાંનો રિકવરી રેટ પણ ધીરે ધીરે સુધરી રહ્યો છે. ૯૮.૭૬ ટકાએ રિકવરી રેટ પહોંચ્યો છે. આજના દિવસમાં કુલ ૫,૧૩,૮૭૪ રસીના ડોઝ એક જ દિવસમાં આપવામાં આવ્યું છે.

જો કે ગુજરાતમાં ૨૯-૩૦ તારીખે (ઓગસ્ટ ૨૦૨૧) ના દિવસે તહેવાર હોવાના કારણે રસીકરણનો કાર્યક્રમ બંધ રાખવામાં આવ્યો છે.

૩૧ ઓગસ્ટ ૨૦૨૧ થી કોરોનાનું રસીકરણ પુર્વવત ચાલુ રહેશે. જો એક્ટિવ કેસની વાત કરએ તો હાલ ૧૫૫ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૪ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૧૫૧ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૫,૧૪૦ નાગરિકોને ડીસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે. ૧૦૦૮૧ નાગરિકોનાં અત્યાર સુધી કોરોનાને કારણે મોત થઈ ચુક્યા છે. આજે પણ કોરોનાને કારણે ૧ નાગરિકનું સુરતમાં મોત થયું છે.

# ગાંધીનગરમાં ત્રણ દિવસનું મીની વેકેશન

### સાતમ-આઠમના તહેવારોની ઉજવણી માટે વસાહતીઓ વતન ભણી ઉપડ્યા : હરવા-ફરવા જનારાઓની સંખ્યા પણ સવિશેષ

ગાંધીનગર, તા. ૨૭

સાતમ-આઠમના તહેવારોના કારણે શહેરમાં ત્રણ દિવસનું મીની વેકેશન પડ્યુ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. સાતમ-આઠમના તહેવારોની ઉજવણી માટે વસાહતીઓ વતન ભણી રવાના થયા છે. બસસ્ટેન્ડ પર સવિશેષ ભીડ જોવા મળી હતી.

સાતમ-આઠમના તહેવારો દરમ્યાન આ વર્ષે ત્રણ રજાનો મેળ પડ્યો છે. સરકારી કર્મચારીઓની સવિશેષ સંખ્યા ધરાવતા ગાંધીનગરમાં તો જાણે ત્રણ દિવસનુ મીની વેકેશન પડ્યુ છે. આઠમની રજા પહેલા ચોથા શનિવાર અને રવિવારની રજા આવતી હોવાથી ગાંધીનગરાઓ શુક્રવારથી જ વેકેશનના મુડમાં આવી ગયા હતા. શુક્રવારે બપોર બાદ મોટા ભાગની સરકારી કચેરીઓમાં પાંખી હાજરી જોવા મળી હતી. સરકારી કચેરીઓ બપોર બાદ સાવ સુની થઈ ગઈ હતી. સાતમ-આઠમના તહેવારો નિમિર્તે કર્મચારીઓ શુક્રવારે બપોર બાદ જ પરિવાર સાથે વતન જવા ઉપડી ગયા હતા. ખાસ કરીને સૌરાષ્ટ્ર તરફ વતન ધરાવતા પરિવારોમાં સાતમ-આઠમની ઉજવણીનો અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. બસસ્ટેન્ડ પર ભારે ભીડ જોવા મળી હતી. ઘણા પરિવારો પોતાના ખાનગી વાહનો લઈને નીકળી પડ્યા હોઈ માર્ગો પર પણ ઘણો ટ્રાફિક જોવા મળ્યો હતો. કેટલાક પરિવારો આબુ-ઉદેપુર જેવા સ્થળોએ ફરવા ઉપડી ગયા હતા. કેવડીયા, સ્ટેચ્યુ ઓફ યુનિટી, ચોટીલા, પાવાગઢ જેવા હરવા-ફરવાના સ્થળો અને ધાર્મિક સ્થળોએ જનારાઓની સંખ્યા પણ સવિશેષ રહી હતી. જુગાર રમવાના શોખીનો રાજસ્થાનના વિવિધ રીસોર્ટસ અને હોટલમાં પહોંચી ગયા હતા. રાજસ્થાન તરફના માર્ગો પર પણ સારો એવો ટ્રાફિક જોવા મળ્યો હતો.

## ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેન્ક લી.

અપના બજાર, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૧

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી બેન્કના તમામ સભાસદ ભાઈઓ અને બહેનોને જણાવવાનું કે, વર્ષ ૨૦૨૦-૨૧ માટેની બેન્કની બાવીસમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૨/૯/૨૦૨૧ને રવિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે, ઉમા સમાજ ભવન, ઉમિયા માતાજી સંસ્થાન, કડવા પાટીદાર સમાજ, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે, બેન્કની આ વાર્ષિક સાધારણ સભામાં સમયસર હાજરી આપવા વિનંતી છે. વાર્ષિક સાધારણ સભાની કાર્યસૂચિ બેન્કના નોટીસ બોર્ડ પર તથા વાર્ષિક અહેવાલમાં આપેલ છે. વાર્ષિક અહેવાલ બેન્કની વેબસાઈટ WWW.TGUCB.COM પર મુકેલ છે. બેન્કની શાખા પરથી પણ વાર્ષિક અહેવાલ મળી રહેશે.

**નોંધ :** COVID-19 ની વર્તમાન પરિસ્થિતિને કારણે સરકારશ્રીની માર્ગદર્શિકાનું ફરજિયાત પાલન કરવાનું રહેશે. સાધારણ સભામાં દરેક સભાસદોએ માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે. તથા સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું રહેશે.

તા. ૨૪/૮/૨૦૨૧ પ્રહલાદભાઈ એસ. પટેલ (મેનેજિંગ ડિરેક્ટર)


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com